# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT CR PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે જણાવ્યું, પાણી બચાવવા માટે દેશમાં 8 લાખ 55 હજાર સ્ટ્રક્ચર બન્યા છે. સુરત જિલ્લાના તાલુકાના મોરા ગામ ખાતેથી 27 હજાર 300 કામોનું ઇ-ખાતમુહૂર્ત કરતાં શ્રી પાટીલે જણાવ્યું કે સુરત જિલ્લામાં 37 હજાર સ્ટ્રક્ચર બનાવાશે.

**(બાઇટ: સીઆર પાટીલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી )**

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# MULU BERA DWARKA

કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે યુવાનોની ઉજ્જવળ કારકિર્દી માટે પુસ્તકો પાયાનું માધ્યમ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ શહેર ખાતે અદ્યતન સરકારી તાલુકા પુસ્તકાલયના ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી બેરાએ આમ જણાવ્યું હતું.

આ અદ્યતન સરકારી તાલુકા પુસ્તકાલયમાં વાંચનાલય વિભાગ, મહિલા વિભાગ, પુસ્તક આપ-લે વિભાગ સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ અદ્યતન બિલ્ડિંગનું નવનિર્માણ થાય ત્યાં સુધી હંગામી ધોરણે તાલુકા સેવા સદન ખાતે તાલુકા પુસ્તકાલય કાર્યરત રહેશે. શ્રી બેરાએ ભાણવડ તાલુકામાં અંદાજે 78 લાખ રૂપિયાથી વધુ રકમના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. જેમાં

આંબરડી, કાટકોલા અને સણખલામાં નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . .

# GUJCET EXAM

ઈજનેરી અને ફાર્મસી શાખાના પ્રવેશ માટેની ગુજકેટની પરીક્ષા આજે સમગ્ર રાજ્યમાં યોજાઇ રહી છે. જેમાં એક લાખ 29 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. રાજ્યના 638 શાળા કેન્દ્રો પર લેવાઈ રહેલી આ પરીક્ષા સાંજે ચાર વાગ્યા ચાલશે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે 7 બિલ્ડિંગના 77 બ્લોકમાં પરીક્ષા ચાલી રહી છે. જેમાં A ગ્રુપમાં 201, B ગ્રુપમાં એક હજાર 299 અને AB ગ્રુપમાં એક એમ કુલ એક હજાર 501 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

. . . . . . . . . . . .

# SURENDRANAGAR FIRE

સુરેન્દ્રનગર જીલ્લાના ધાંગધ્રા પાસેના નવલગઢ ગામની પેપર મિલમાં આગ લાગી હતી.. એક પેપર મિલમાં ભીષણ આગ લાગતાં દોડધામ મચી ગઇ હતી.. બપોરના સમયે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં  સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા અને આર્મીના ફાયર ફાઈટર ની ટીમો આગ બુઝાવવાની કામગીરીમાં

લાગી ગઇ હતી.. ભારે જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી.. આ આગને કારણે વ્યાપક નુકસાન થયું હતું. જોકે આગને કારણે કોઇ જાનહાનીના અહેવાલ સાંપડ્યા નથી.

. . . . . . . . . . . .

## JAMNAGAR PAINTING

રાજ્ય કલા પ્રદર્શનની ચિત્ર સ્પર્ધામાં વિજેતા થયેલા કલાકારોના ચિત્રોનું પ્રદર્શન જામનગર ખાતે યોજાયું હતું. કલાકારોએ સતત ચાર દિવસની સુધી ચિત્રો બનાવ્યા બાદ ટાઉનહોલ ખાતે બે દિવસ પ્રદર્શન યોજાયું. જેમાં મોટી સંખ્યામાં શહેરની ચિત્રકલા પ્રેમી જનતાએ પ્રદર્શનનો લાભ લીધો હતો. આ પ્રદર્શન અંગે કલાકાર મવનાબેન પંચાલે વધુ માહિતી આપી.

(બાઈટ : મવનાબેન પંચાલ (સિનિયર આર્ટિસ્ટ )

. . . . . . . . . . . .

## MEHSANA MARKET

મહેસાણા માર્કેટયાર્ડમાં 26 માર્ચથી 31 માર્ચ સુધી ખેતપેદાશોની હરાજીનું કામકાજ બંધ રહેશે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે વાર્ષિક હિસાબો કરવા માટે આ માર્કેટ યાર્ડ બંધ રહેશે. આ ઉપરાંત કડી

માર્કેટયાર્ડ પણ વાર્ષિક હિસાબોને પગલે આવતીકાલથી પહેલી એપ્રિલ સુધી હરાજીનું કામકાજ બંધ રહેશે.

. . . . . . . . . . . .

# DAMAN- YUVA SANSAD

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે વિકસિત ભારત યુવા સંસદ ભાષણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુવા શક્તિને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે ભાગ લેવા અને રાજકીય વિચાર પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ ત્રણેય જિલ્લાઓના યુવા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે આ સ્પર્ધાના ટોચના ત્રણેય વિજેતાઓ આયુષ ચૌધરી, દિવ્યાંશ જોશી અને હર્ષવર્ધન સિંહ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરશે.

. . . . . . . . . . . .

# DAK ADALAT

ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ અમદાવાદની કચેરી ખાતે આગામી 25 માર્ચ બપોરે 3 કલાકે ડાક અદાલતનું આયોજન કરાયું છે. જેમાં પોસ્ટ ઓફિસની

ટપાલ, મની ઓર્ડર, કાઉન્ટર સેવાઓ સંબંધિત સહિતની ફરિયાદોને વ્યક્તિગત રીતે સાંભળવામાં આવશે અને સમસ્યાનું સ્થળ પર જ સમાધાન કરાશે.

જ્યારે ખેડાની નડીઆદ હેડપોસ્ટ ઓફિસ ખાતે આગામી 28 માર્ચે ડાક અદાલત યોજાશે, જેમાં ટપાલ સેવાને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરાશે.

. . . . . . . . . . . . . .

# ANAND RADIO FEST

વડોદરાના મહારાજા ગાયકવાડે શહેરીજનોને આધુનિક દુનિયા સાથે સંલગ્ન રાખવા વર્ષ 1939માં વડોદરામાં બરોડા કોમ્યુનિકેશન કંપની સ્થાપના કરી હતી. જેના 85માં ઉજવણીના ભાગ રૂપે ગઇકાલે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત કોમ્યુનિટી રેડિયો સ્ટેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી રેડિયો પ્લેટીનિયમ જ્યુબિલી ઉત્સવ" સમુદાયિક રેડિયો ફેસ્ટ યોજાયો હતો..

ઇપકોવાલા સંતરામ ઓડીટોરીયમ, અનુસ્નાતક ઇલેક્ટ્રોનિક વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી 17 જેટલાં કોમ્યુનિટી રેડિયો સ્ટેશન સાથે સંકળાયેલા લોકોની એક વિશેષ ગોષ્ઠી પણ થઈ હતી.

આ કાર્યક્રમમાં આકાશવાણી અમદાવાદથી મૌલિન મુન્શી, નાયબ માહિતી નિયામક હેતલબેન દવે, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલ, જાણીતા સાહિત્યકાર મણિલાલ પટેલ, હિન્દી સાહિત્યકાર ડૉ. માલતી

તિવારી, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન અંગેના વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી..

. . . . . . . . . . . . .